બીમાર હોવાનું બહાનું નાસી ગયેલ લુટેરી દુલ્હન રૂપિયા ૨.૫૭ લાખની મત્તા લઈ ગઈ

દાહોદ જિલ્લાનો વધુ એક યુવાન લૂંટેરી દુલ્હનની છેતરપિંડીનો ભોગ બન્યો

આ મામલે લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા લીમડી પોલીસ એક્શનમાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના રણિયાર ઈનામી ગામે રાજપુત ફળિયામાં રહેતા ૩૦ વર્ષીય વિરેન્દ્રસિંહ વજેસિંહ સોલંકી ને લગ્ન કરવાના હોય તેણે પોતાના ગામના અને લગ્ન ઈચ્છુક યુવાનોને કેટલીક રકમ લઈ લગ્ન કરાવી આપવાનું કામ કરતા કૃષ્ણકાં રમણલાલ પટેલ નામના દલાલનો સંપર્ક કર્યો હતો. જેથી દલાલ કૃષ્ણકાંત રમણલાલ પટેલે બાબુલાલ લક્ષ્મણ પાટીદાર અને જણાવ્યું મધ્યપ્રદેશના બે દલાલો ફૂલીના તરુણ પ્રકાશો સાવલે નો સંપર્ક કરી મધ્યપ્રદેશના મોરાની કુક્ષી ગામની નિર્મલાબેન નામની છોકરી બતાવી હતી. વિરેન્દ્રસિંહ સોલંકીને તે છોકરી ગમી જતા લગ્ન કરવાનું નક્કી કરવામાં આવ્યું ત્યાર બાદ ઉપરોક્ત ત્રણ દલાલો એ વિરેન્દ્રસિંહ સોલંકી પાસેથી રૂપિયા ૨.૩૧ લાખની રોકડ રકમ લઈ તારીખ ૧-૩-૨૦૨૬ ના રોજ ઉપરોક્ત ત્રણ દલાલોએ ભેગા મળી રણીયાર ગામના વિરેન્દ્રસિંહ વજેસિંહ સોલંકીના મધ્યપ્રદેશના મોરાની કુલી ગામની નિર્મલાબેન નામની છોકરી સાથે ખોટી લગ્નવિધિ કરી લગ્ન કરાવ્યા હતા. લગ્ન બાદ નિર્મલાબેન અઢી માસ કરતા વધુ સમય વિરેન્દ્રસિંહ સોલંકી સાથે રહી હતી. તે દરમિયાન વિરેન્દ્રસિંહ સોલંકીએ રૂપિયા ૧૫૦૦૦/-ની કિંમતના ચાંદીના પાયલ તથા રૂપિયા ૧૧૦૦૦/-ની કિંમતનો મોબાઈલ ફોન પણ નિર્મલાબેનને લાવી આપ્યા હતા. નિર્મલાબેન તારીખ ૨૭-૩-૨૦૨૬ ના રોજ સાંજે પોતાનો ભાઈ બીમાર હોવાનું બહાનું બનાવી રૂપિયા ૨.૩૧ લાખની રોકડ, ચાંદીના પાયલ તથા મોબાઈલ ફોન લઈ છેતરપિંડી વિશ્વાસઘાત કરી નાસી ગઈ હતી. જેથી વિરેન્દ્રસિંહ સોલંકીએ નિર્મલા બેનના પિયરમાં કુલી ગામે અવાર નવાર ફોન કરતા એના પિયર માંથી અવાર નવાર વાયદા કરવામાં આવતા હતા. અવાર નવાર ના વાયદા પછી પણ નિર્મલા બેન ને નહીં મોકલતા વિરેન્દ્રસિંહ વજેસિંહ સોલંકીને આ મામલે પોતે છેતરાયા હોવાનું જણાઈ આવતા રણીયાર ઈનામાં ગામના રાજપુત ફળિયામાં રહેતા લુટેરી દુલ્હનની છેતરપિંડીનો ભોગ બનેલ વિરેન્દ્રસિંહ વજેસિંહ સોલંકીએ ઉપરોક્ત કેફિયત ભરી ફરિયાદ લીમડી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા લીમડી પોલીસે આ સંદર્ભે રણિયાર ગામના કૃષ્ણકાંત રમણલાલ પટેલ, મધ્યપ્રદેશના મેલા મેદાન ગોપાલપુરા ગામના બાબુલાલ લક્ષ્મણ પાટીદાર, જે પ્રદેશના કુલી ગામના તરુણ પ્રકાશ સાવલે તથા મધ્યપ્રદેશના મોરાની કુક્ષી ની નિર્મલાબેન નામની લુટેરી દુલ્હન મળી કુલ ચાર જણા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૫૪ મુજબ છેતરપિંડી, વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ફાયર ટીમની ત્વરિત અને સમયસૂચક કામગીરીને કારણે આગ વધુ ફેલાઈ નહોતી

દાહોદના જેકોટ રેલ્વે સ્ટેશન નજીક ટ્રેનના એન્જિનમાં ધુમાડા બાદ આગ નીકળતા દોડધામ

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 દાહોદ તાલુકાના જેકોટ રેલ્વે સ્ટેશન નજીક આજે એક મોટી દુર્ઘટના સર્જાતા ટળી જેકોટ રેલ્વે સ્ટેશન નજીક થી પસાર થઈ રહેલી એક ટ્રેનના એન્જિનમાંથી અચાનક ભારે ધુમાડો નીકળવાનું શરૂ થતા સ્થાનિક વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ દાહોદ ફાયર વિભાગ ને થતાં દાહોદ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ફાયર વિભાગના જવાનોએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને એન્જિનમાં લાગેલી આગ અને ધુમાડા પર ટૂંક સમયમાં જ કાબુ મેળવી લીધો હતો. ફાયર ટીમની ત્વરિત અને સમયસૂચક કામગીરીને કારણે આગ વધુ ફેલાઈ નહોતી અને એક મોટી દુર્ઘટના થતા બચી ગઈ હતી આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ કે આર્થિક નુકસાન ન થતાં રેલ્વે પ્રશાસન,અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, શોર્ટ સર્કિટના કારણે એન્જિનમાંથી ધુમાડો નીકળ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ કામગીરી મા ફાયર વિભાગ ને આગ ઉપર કાબુ મેળવતા લગભગ પોણો કલાક જેવો સમય લાગી ગયો હતો.

વહેલામાં વહેલી તકે પૂરવાની લોકમાગણી ઉઠવા પામી

દેવગઢબારીયા નગરના રસ્તાઓ પરના ખાડાઓથી અકસ્માતનો ભય

પાલિકાની પેટાચુંટણી યોજાય તે પહેલા વિરોધ વંટોળ ઉઠે તો નવાઇ નહિ

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 દેવગઢ બારીયા નગરના મોટાભાગના વિસ્તારોના રસ્તાઓ પર પડી ગયેલા ખાડાઓ વરસાદની સિઝનમાં અકસ્માતનો ભય વધારી રહ્યા હોવાથી વહેલામાં વહેલી તકે પૂરવાની લોકમાગણી ઉઠવા પામી છે. ત્યારે આગામી દિવસોમાં યોજાનાર દેવગઢ બારિયા પાલિકાની ખાલી પડેલી છ બેઠકો માટે ની પેટા ચૂંટણીમાં પોતાની સત્તા ટકાવી રાખવા મથામણ કરતા પાલિકાના સત્તાધારીઓ રસ્તાઓ પરના ખાડાઓ પુરવાની કામગીરી ક્યારે કરાવશે તે હવે જોવું રહ્યું! દેવગઢ બારીયા નગરના કન્યાશાળા રોડ સર્કલ બજાર રોડ તથા દિવસ દરમિયાન વેપારથી ધમધમતા સમડીથી સર્કલ સુધીના રોડ પર ઠેર ઠેર પડી ગયેલા ઉંડા ખાડાઓ દિન પ્રતિદિન અકસ્માતનો ભય વધારી રહ્યા છે. ચાલુ વર્ષે દેવગઢ બારિયામાં હજી ચાર ઇંચ જેટલો જ વરસાદ પડ્યાના અહેવાલ છે. હજી જોઈએ તેવો વરસાદ પડ્યો નથી. હાલ નગર ના મોટાભાગના રસ્તાઓ ની સ્થિતિ અત્યંત બિસ્માર છે. રસ્તાઓ પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે હજી ભારે વરસાદ આવશે તો રસ્તાઓની સી હાલત થશે? તે પાલિકાના સત્તાધીશોએ વિચારવું રહ્યું! વરસાદ આવે તે પહેલા જ ખાડાવાળા રસ્તાઓની મરામત કરવી જરૂરી બની છે.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.11 જુલાઈ શનિવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના કાર્યકારી આચાર્યડૉ. જી. જે. ખરાદી, વિવિધ વિભાગોના વડા તેમજ અતિથિ વિશેષ તરીકે પ્રકૃત્તિ મિત્ર મંડળ દાહોદના પ્રતિનિધિ ખાસ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના માધ્યમથી વૃક્ષોનું માંનવજીવન તેમજ પર્યાવરણમાં મહત્વ કેટલું છે તે સંદેશ સમાજમાં ફેલાવાનો પ્રયત્ન કર્યો હતો. વૃક્ષો વાવવું મહત્વનું નથી પરંતુ તેનું જતન પણ એટલું જ જરૂરી છે. તેથી કોલેજના વિવિધ વિભાગોના વડાશ્રીઓ એ તેમજ એનએસએસ સ્વયંસેવકો એ જે વૃક્ષ રોપવામાં આવેલા છે તેની જતન કરવાની સ્વેચ્છિક જવાબદારી લીધી. કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના હસ્તે ખાસ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વેજલપુરમાં મોટી દુર્ઘટના ટળી:

માળી ફળિયામાં જર્જરિત મકાનનો અડધો ભાગ ધરાશાયી થયો

બાકીનો હિસ્સો પણ ગમે ત્યારે પડે તેવી ભીતિ

(પ્રતિનિધિ) કાલોલ, તા.11 કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આવેલા માળી ફળિયામાં એક મોટી હોનારત થતાં થતાં રહી ગઈ છે. અહીં લાંબા સમયથી બિસ્માર હાલતમાં ઉભેલા એક જૂના જર્જરીત મકાનનો અડધો ભાગ અચાનક પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયો હતો. સદનસીબે ઘટના સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે, પરંતુ કાટમાળ રસ્તા પર વેરવિખેર થઈ જતાં સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માળી ફળિયાના સાંકડા રસ્તા પર આવેલું આ મકાન લાંબા સમયથી અત્યંત જર્જરીત અવસ્થામાં હતું. ચાલુ ચોમાસાની ઋતુમાં વરસાદના કારણે મકાનનો એક મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો હતો. તસવીરોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે મકાનના પાયા અને લાકડાના સ્તંભો સડી ગયા છે, અને મકાનનો બીજો અડધો ભાગ પણ રસ્તા તરફ ભયજનક રીતે નમી પડેલો છે. આ બાકી રહેલો હિસ્સો ગમે ત્યારે પવન કે સામાન્ય વરસાદમાં પણ તૂટી પડે તેવી સ્થિતિમાં લટકી રહ્યો છે.આ ફળિયામાંથી દરરોજ નાના બાળકો, મહિલાઓ અને અસંખ્ય સ્થાનિક નાગરિકો પસાર થાય છે. મકાનનો અડધો ભાગ હજુ પણ યથાવત અને ભયજનક સ્થિતિમાં હોવાથી આસપાસના રહીશોના જીવ અધ્ધર થઈ ગયા છે. સ્થાનિકોની માંગ છે કે કોઈ મોટો અકસ્માત સર્જાય કે કોઈનો જીવ જાય તે પહેલાં વેજલપુર ગ્રામ પંચાયત અને વહીવટી તંત્ર દ્વારા આ આખેઆખા જર્જરીત મકાનને તાકીદે ઉતારી લેવામાં આવે તેવી લોકમાંગ છે.

મોત બાદ ફરિયાદ નોંધાતા વડુ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી

કુરાલ ચોકડી ટ્રેલર અકસ્માતમાં ઈજાગ્રસ્ત ચાલકનું સારવાર દરમિયાન થયુ મોત

આગળ જઈ રહેલા ટ્રેલરની પાછળ પુરઝડપે ટક્કર મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી

(પ્રતિનિધિ) પાદરા, તા.11 પાદરા-જંબુસર રોડ પર કુરાલ ચોકડી નજીક થયેલા ટ્રેલર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ટ્રેલર ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઘટનાના 15 દિવસ બાદ ફરિયાદ નોંધાતા વડુ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા. 25 જૂનના રોજ સવારે આશરે 7 વાગ્યે કુરાલ ચોકડી નજીક ટ્રેલર ના ચાલક જયસિંહ રાજારામ યાદવ (ઉં.વ. 58, રહે. જોનપુર, ઉત્તર પ્રદેશ) પાદરા-જંબુસર રોડ પર ટ્રેલર ચલાવી રહ્યા હતા. દરમિયાન તેમણે ટ્રેલરને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આગળ ચાલી રહેલા ટ્રેલર ના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં ટ્રેલરને નુકસાન પહોંચ્યું હતું, જ્યારે ટ્રેલર ચાલક જયસિંહ યાદવને જમણી આંખની બાજુ, કપાળ, જમણા પગ તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક સારવાર બાદ તેમને ગોત્રી હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે દિલ્હીની RML હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તા. 5 જુલાઈના રોજ તેમનું મોત થયું હતું.

અકસ્માત બાદ તે સમયે ફરિયાદીએ ફરિયાદ નોંધાવવાનો ઇનકાર કર્યો હતો. જોકે બાદમાં ફરિયાદ નોંધાવતા વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા ટ્રેલર ચાલક સામે જ કાયદેસરની કાર્યવાહી નોંધવામાં આવી છે. પોલીસે સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

કાલોલની સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલમાં "વિશ્વ વસ્તી દિન" ઉજવવામાં આવ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.11 શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ ખાતે આજ રોજ "વિશ્વ વસ્તી દિન"ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને સમાજમાં વસ્તી વિસ્ફોટની અસરો, પર્યાવરણ પર તેનું દબાણ અને આરોગ્ય તેમજ શિક્ષણ જેવા ગંભીર મુદ્દાઓ પર જાગૃતિ લાવવાનો હતો. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ વધતી વસ્તીના કારણો અને ઉકેલો અંગે પોતાના વિચારો રજૂ કર્યા. ત્યારબાદ શાળાના આચાર્યશ્રીએ વિશ્વ વસ્તી દિવસનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે વધતી વસ્તીના કારણે બેરોજગારી, ગરીબી, પ્રદૂષણ અને પર્યાવરણને નુકસાન જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. અને શિક્ષણનું મહત્ત્વ, આરોગ્ય જાગૃતિ અને જવાબદાર નાગરિક તરીકેની ફરજો વિશે માર્ગદર્શન આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખૂબ જ સુંદર રહ્યું હતું.

ઈનચાર્જ પોલીસ અધિક્ષક સફિન હસનની અધ્યક્ષતામાં આયોજન

હાલોલમાં રથયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી

નાગરિકો પણ પોલીસ અને વહીવટી તંત્રને સહયોગ આપે તેવી અપીલ કરવામાં આવી

(પ્રતિનિધિ) હાલોલ, તા.11 યોજાયેલી બેઠકમાં સુરક્ષા અને વ્યવસ્થાના મુદ્દાઓ પર ચર્ચા આગામી રથયાત્રા મહોત્સવને લઈને હાલોલ ખાતે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુસર આજે શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચમહાલના ઈનચાર્જ પોલીસ અધિક્ષક સફિન હસનની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પોલીસ અધિકારીઓ, વહીવટી તંત્રના પ્રતિનિધિઓ, શાંતિ સમિતિના સભ્યો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની અડચણ કે અસામાજિક પ્રવૃત્તિ ન બને તે માટે જરૂરી તકેદારી રાખવા, સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ધ્યાન આપવા તેમજ પોલીસ અને આયોજકો વચ્ચે યોગ્ય સંકલન જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ દ્વારા રથયાત્રા દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે કરવામાં આવનાર વિવિધ સુરક્ષા વ્યવસ્થાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ઉપસ્થિત સભ્યો પાસેથી પણ સૂચનો લેવામાં આવ્યા હતા.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં NSSનો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ,, તા.11 દાહોદ અનાજ મહાજાન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ ના એન.એસ.એસ. એકમ દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે NSS નો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ ઓરિએન્ટેશન નો હેતું વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી, મહત્વ, આત્મવિકાસ અને સમાજ સેવામાં એમની ભુમિકા ની સમજ આપવા નો હતો. આ પ્રોગ્રામમાં કોલેજના પ્રો. ડૉ.એચ.આર.ડાભી સર અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડૉ.એસ.એ.પટેલ અને શ્રી નીલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને NSS વિશે પુર્ણ માર્ગદર્શન આપ્યું હતું. ભુતપૂર્વ એન.એસ. એસ. સ્વયંસેવકો દ્વારા એમના અનુભવો અને એન.એસ.એસ. ના કારણે એમના જીવનમાં થયેલ બદલાવ વિશે માહિતી આપવામાં આવી હતી, આ કાર્યક્રમમાં 200 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સમસ્યાના કાયમી ઉકેલવા માટે MGVCLને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે

કાલોલની ઓમ રેસીડેન્સીમાં રાતભર વીજકાપથી કંટાળેલા રહીશોએ આંદોલનની ચિમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) કાલોલ, તા.11 કાલોલ તાલુકાના બોરુ રોડ પર આવેલી ઓમ રેસીડેન્સીના રહીશો છેલ્લા 2 વર્ષથી વારંવાર વીજકટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કાતોલ પંચાયત વિસ્તારના ફીડરમાંથી લાઈન આવતી હોવાથી વારંવાર કટ ઓફ થાય છે અને રાત્રે આખી આખી રાત લાઈટ વગર રહેવું પડે છે. જેને લઈ આ બાબતે સોસાયટીના રહીશોએ તારીખ ૨૭/૦૮/૨૦૨૪અને તારીખ ૩૦/૦૯/૨૦૨૪ના રોજ અરજીઓ આપી હતી. તાલુકા સ્વાગતમાં પણ પત્ર નં. તા.સ્વાગત/વશી/51/2024 દ્વારા રજૂઆત કરાઈ હતી. પરંતુ આજદિન સુધી કોઈ નક્કર નિરાકરણ આવ્યું નથી. જેને લઈ રહીશોનું કહેવું છે કે અમારી સોસાયટીથી માત્ર 50 મીટર દૂર આવેલી ઓમ સાંઈ રેસીડન્સીમાં કાલોલ ફીડરમાંથી લાઈન આપવામાં આવી છે. તે લાઈન બંધ થતી નથી.

જ્યારે અમારી સોસાયટીમાં કાતોલ પંચાયત ફીડર હોવાથી વારંવાર વીજ પુરવઠો ખોરવાય છે. ચોમાસામાં વાવાઝોડું કે વરસાદ બંધ થઈ જાય તો પણ રાતભર વીજળી આવતી નથી જેથી વીજબીલમાં 50% કાપની માંગ સાથે સોસાયટીના પ્રમુખ અશોકભાઈ કે. પરમાર અને અન્ય રહીશોએ કલેકટર, મામલતદાર અને MGVCLના અધિક્ષક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે "કલાકો સુધી લાઈટ બંધ રહે છે તો પણ મહિને પૂરું બીલ મોકલવામાં આવે છે. ચોમાસા દરમિયાન કટ ઓફનો સમય નોંધીને વીજબીલમાં 50% કાપ આપવામાં આવે. જ્યારે તેઓએ વધુમાં આક્ષેપ કર્યો કે કન્ટ્રોલરૂમ અને ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરવા છતાં યોગ્ય જવાબ મળતો નથી. ઉદ્યોગોને 24 કલાક વીજળી આપવામાં આવે છે, વાવાઝોડામાં પણ બંધ થતી નથી. અમે પૈસા નથી ભરતા? આ ભેદભાવ દૂર કરી કાયમી ધોરણે કાલોલ ફીડર સાથે જોડાણ આપવામાં આવે. નહીં તો રહીશોએ ચીમકી આપી છે કે જો 30 દિવસમાં આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ નહીં આવે તો ઓમ રેસીડેન્સીના તમામ પરિવારો સાથે મળીને MGVCLની કચેરી ખાતે ભૂખ હડતાળ પર ઉતરશે તેવુ જણાવ્યુ હતુ.

ફણસી ગામે ગાળો બોલવાની ના પાડતા યુવક પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.11 કાલોલ તાલુકાના ફણસી ગામના મોટું ફળિયું વિસ્તારમાં ગત રવિવારે રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ફળિયામાં મોટેથી ગાળો બોલવાની ના પાડવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને ચાર શખ્સોએ એક થઈ એક યુવક પર લાકડીઓ અને લોખંડની પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાઈ છે. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં યુવકને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફણસી ગામના મોટું ફળિયામાં રહેતા ભગવાનસિંહ પર્વતસિંહ જાદવના ૨૨ વર્ષીય અવિવાહિત પુત્ર સુનીલકુમાર ગત તારીખ ૦૫/૦૭/૨૦૨૬ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યે પોતાના ઘરના આંગણામાં ઊભો હતો. તે સમયે ફળિયામાં જ રહેતા ચાર ઈસમો તેમના ઘર આગળ ઊભા રહીને જોરજોરથી ખરાબ ગાળો બોલી રહ્યા હતા.

જેથી સુનીલકુમારે તેઓને ટોકતા કહ્યું હતું કે, "તમો ફળિયામાં ખરાબ ગાળો બોલશો નહીં, બધા સાંભળે છે."આટલું કહેતા જ આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને હાથમાં લાકડીઓ તથા લોખંડની પાઈપ લઈને દોડી આવ્યા હતા. "તને વચમાં બોલવાનું કોણે કહ્યું? તું ફળિયાનો દાદો છે?" તેમ કહી ગાળો ભાંડી સુનીલકુમાર પર તૂટી પડ્યા હતા.